# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧

==========================================================================

-: અખબારી યાદી :-

સ્માર્ટ સિટીના GIS પ્રોજ્કટ અંતર્ગત રહેણાક તેમજ વાણીજ્ય હેતુની મિલકતોનો ડોર–ટુ–ડોર સર્વે અન્ય મિલક્તોનું Geo Tagging થશે :**મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલ**

તમામ અન્ડરગ્રાઉન્ડ યુટિલિટીઝનો સર્વે શરૂ કરી દેવાયો : મ્યુનિ. કમિશનરશ્રી

તા.૧૨-૧૨-૨૦૧૯

રાજકોટ શહેર ને સ્માર્ટ સિટી બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા સ્માર્ટ સોલ્યુશનનું અમલીકરણ કરવામાં આવે છે. આ કામગીરીના ભાગરૂપે આવતીકાલથી તા.૧૩-૧૨-૨૦૧૯ ના રોજથી GIS પ્રોજ્કટ અંતર્ગત મહાનગરપાલિકાની હદમાં આવેલ તમામ રહેણાક તેમજ વાણીજ્ય હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતી મિલકતોનો ડોર – ટુ – ડોર સર્વે કરી આ તમામ મિલક્તોનું Geo Tagging કરવામાં આવશે. સાથોસાથ શહેરના વિવિધ માર્ગો અને શેરીઓમાં અન્ડરગ્રાઉન્ડ પથરાયેલી તમામ યુટિલિટી સર્વિસીઝનો સર્વે શરૂ કરી દેવામાં આવેલ હોવાનું મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

આ મેગા પ્રોજેક્ટ વિશે વિસ્તૃત જાણકારી આપતા મ્યુનિ. કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, મિલકતોનો ડોર – ટુ – ડોર સર્વેનો મુખ્ય હેતુ મહાનગરપાલિકાની હદમાં આવતી તમામ મિલકતોના અક્ષાંશ અને રેખાંશ નક્કી કરી તેને રાજકોટ શહેરના નકશા પર ચોકકસાઈપૂર્વક દર્શાવવામાં આવશે. રાજકોટ વિસ્તારના આ નકશાનો ઉપયોગ ભવિષ્યની GIS સેવાઓ કે જે રાજકોટ મહાનગરપાલિકાને મિલકતોની વિગતો જોવા, એનેલાઈઝ કરવા તેમજ યુટીલાઈઝ કરવામાં ઉપયોગી થશે. આ ડેટાના આધારે મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવનાર સુવિધાઓ વધુ સચોટ રીતે અમલ કરી શકાશે તેમજ આ વિગતો

મિલકત વેરા સાથે લીંક થતાં પારદર્શિતા વધશે તેમજ આ તમામ માહિતી શહેરીજનો ભવિષ્યમાં GISના સિટીઝન પોર્ટલ પર પણ જોઈ શકશે.

BSNL અને Amnex Infotechnologies Private Limited (AIPL), આ બન્ને એજન્સીઓ દ્વારા ડોર – ટૂ – ડોર સર્વે કરી શહેરની તમામ મિલકતોનું Geo Tagging કરવામાં આવશે. આ સર્વે દરમ્યાન તમામ મિલકતો પર સર્વેયર દ્વારા રૂબરૂ જઈ મિલ્કતોની વિગતોની ચકાસણી કરવામાં આવશે તેમજ તેના માલિકોની વિગતો મેળવવામાં આવશે અને મિલકત ના અક્ષાંશ અને રેખાંશ ની વિગતો તેમની પાસે રહેલ મોબાઈલમાં મોબાઈલ એપ દ્વારા નોધવામાં આવશે.

સર્વેયર દ્વારા મિલકતના સ્થળ પર મિલક્તધારકો પાસેથી ડોર – ટૂ – ડોર સર્વેની કામગીરી દરમ્યાન લેવામાં આવશે.

- મિલકતવેરા/વ્યવસાય વેરાનું બીલ અથવા રસીદ
- પાણી ચાર્જનું બીલ અથવા રસીદ
- મિલ્કતધારકનું નામ/જન્મતારીખ/મોબાઈલ નંબર/ ઈમેલ આઈ.ડી.
- ભાડૂઆતની વિગત
- શોપ-એક્ટ લાઇસન્સની વિગત
- લાઈટ બીલ
- રેવન્યુ સર્વે નંબર / સિટી સર્વે નંબર / ટી પી ફાઈનલ પ્લોટ નંબર
- મિલકતને લગત અન્ય કાગળો જેવા કે બાંધકામ પરવાનગી / વપરાશ પરવાનગી

સર્વેયર દિવસના ભાગે મિલકતની મુલાકાંત લેશે તેમજ તેઓ પાસે વેલીડ આઈ કાર્ડ હશે તેના પર BSNL તેમજ RSCDLના અધિકારીઓની સહી તથા સિક્કો હશે. આ સર્વે તા 13-12-2019 થી શરૂ થશે. રાજકોટ શહેર ના તમામ નાગરીકોને વિનંતી કરવામાં આવે છે

કે જ્યારે સર્વેયર ડોર-ટુ-ડોર મિલક્તોનો સર્વે કરવા આવે ત્યારે તેને સહકાર આપવા તેમજ તેના દ્વારા માંગવામાં આવતી તમામ જરૂરી માહિતીઓ આપવા મ્યુનિ. કમિશનરશ્રીએ જાહેર હાર્દિક અપીલ કરી છે.

## અન્ડરગ્રાઉન્ડ યુટિલિટીઝનો સર્વે

દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અન્ય એક GIS સર્વે શરૂ કરી દેવામાં આવેલ છે જેમાં શહેરના વિવિધ માર્ગો અને શેરીઓમાં અન્ડરગ્રાઉન્ડ પથરાયેલી તમામ યુટિલિટી સર્વિસીઝને આવરી લેવામાં આવેલ હોવાનું જણાવી મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે વધુમાં ઉમેર્યું હતું કે, રસ્તાની નીચે મહાનગરપાલિકાની પાણી અને ડ્રેનેજ લાઈન ઉપરાંત ગેસ, બી.એસ.એન.એલ. તથા પી.જી.વી.સી.એલ.ની લાઈનો બિછાવવામાં આવેલી છે. ભવિષ્યમાં રસ્તાના કામ કે અન્ય નાના મોટા પ્રોજેક્ટના કામો વખતે રસ્તા ખોદવાની જરૂર પડે ત્યારે આ જી.આઈ.એસ. સર્વેની મદદથી તૈયાર કરવામાં આવેલા યુટિલિટી સર્વિસીઝના ડેટાના આધારે મહાનગરપાલિકા જે તે કામ કરનારી એજન્સીને યુટિલિટી સર્વિસીઝ વિશે અગાઉથી જ માહિતી આપી શકશે. જેથી યુટિલિટી સર્વિસીઝને કોઈ પ્રકારે નુકસાન ના થાય અને જે તે સેવા પણ ડીસ્ટર્બ ના થાય. ભવિષ્યના તમામ પ્લાનીંગમાં ઉપરોક્ત બંને જી.આઈ.એસ. સર્વે રાજકોટ મહાનગરપાલિકાને ખુબ જ આશીર્વાદરૂપ પૂરવાર થશે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા